# જયનો વિકાસ બુલેટ ટ્રેનથી વધુ ઝડપથી થયો : સૂરજેવાલા

## જય શાહની કંપનીનું ટર્નઓવર એક જ વર્ષમાં ૧૬ હજાર ગણું કેવી રીતે થઇ ગયુ ? જયના બચાવમાં આખેઆખી સરકાર કેમ ઉતરી આવી છે? : કોંગ્રેસ

અમદાવાદ,તા.૧૩ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહની



કંપનીના ટર્નઓવરમાં એક જ વર્ષમાં ૧૬ હજાર ગણો વધારો અને તેની આવકમાં રાતોરાત કરોડો રૂપિયાની કમાણીને લઈ કોંગ્રેસપક્ષના રાષ્ટ્રીય નેતા રણજીત સૂરજેવાલાએ આજે એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદ યોજી દસ કરતાં વધુ ગંભીર અને વેધક સવાલો ઉઠાવ્યા હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રણજીત સૂરજેવાલાએ ભાજપ પર ચાબખા મારતાં જણાવ્યું કે, અમિત શાહના પુત્ર જય શાહનો વિકાસ બુલેટ ટ્રેન કરતાં પણ ઝડપથી થયો છે. જય શાહની કંપનીના એક જ વર્ષમાં ૧૬ હજાર ગણો નફો, કરોડો રૂપિયાની લોનનું ધિરાણ સહિતની બાબતોને લઈ ઈન્કમટેક્સ વિભાગ સહિતના વિભાગોએ કેમ કોઈ તપાસ ના કરી અને જય શાહના બચાવમાં હાલ કેમ આખેઆખી મોદી સરકાર અને તેના મંત્રીઓ ઉતરી આવ્યા છે તેનો દેશની જનતા જવાબ માંગી રહી છે. નૈતિકતાના ધોરણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ અને જય શાહે દેશવાસીઓને આ સવાલોનો જવાબ આપવો જોઈએ. ગુજરાતની મુલાકાતે આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રણજીત સૂરજેવાલા, ઉત્તરપ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજ બબ્બર અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે સંયુકત રીતે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, અમિત શાહના પુત્ર જય શાહની ટેમ્પલ એન્ટરપ્રાઈઝ પ્રા.લિ કંપનીની ૨૦૦૪થી ૨૦૧૪ સુધીની દસ વર્ષની કમાણી રૂ.૧૮.૮૦ લાખ હતી, ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં કંપનીનું નુકસાન બતાવાયુ હતું અને પરંતુ નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી એક જ વર્ષમાં જય શાહની કંપનીના ટર્નઓવરમાં ૧૬ હજાર ગણો વધારો થઈ ગયો અને એક જ વર્ષમાં રૂ.૮૦.૫ કરોડનો નફો રળ્યો તે કેવી રીતે શકય બની ગયુ? ૨૦૧૩-૧૪ સુધી જય શાહની આ કંપનીનું દેવુ રૂ.૧.૩ કરોડ હતું. તો પછી એક જ વર્ષમાં ચાર હજાર ટકા રૂ.૫૩ કરોડ, ૪૦ લાખની તેમને લોનો ધિરાણ કેવી રીતે થઈ? ઓકટોબર-૨૦૧૬માં કંપની બંધ કરવાની નોબત બતાવી તો ઈન્કમટેકસ વિભાગ સહિતના વિભાગોએ કેમ આ સમગ્ર મામલે કોઈ તપાસ જ ના કરી? તે દેશની જનતા જાણવા માંગે છે. સૂરજેવાલાએ વધુ સવાલો ઉઠાવતાં જણાવ્યું કે, જય શાહની આ કંપનીની એક રૂમની ઓફિસનું ભાડુ રૂ.૮૦ લાખ જેટલું ઉંચુ ભાડુ કેમ હતુ? સરકારે કયા કારણસર આ કંપની અને જય શાહ પર કૃપાદ્રષ્ટિ રાખ્યા અને તેની કોઈ તપાસ ના કરાઈ? જય શાહની કંપનીમાં વિદેશથી રૂ.૫૧ કરોડ આવ્યા હતા તો તે કેવી રીતે અને કોના મારફતે આવી લ્હાણી થઈ તે વિશે અમિત શાહ કે જય શાહ ફોડ પાડશે? અન્ય એક કંપની કેઆઈએસએફ ફાયનાન્સીયલ સર્વિસીસ પ્રા.લિએ જય શાહની કંપનીને રૂ.૧૫.૭૮ કરોડની અનસિક્યોર્ડ લોન આપી હતી તો તે અંગે આરબીઆઈની જોગવાઈ અને નિયમો અંતર્ગત કોઈ મંજૂરી લેવાઈ હતી કે કેમ. જય શાહની બીજી કંપની કુસુમ ફિન્સર્વ પ્રા.લિને કાલુપુર કોમર્શીયલ કો.ઓ.બેંક દ્વારા રૂ.૬.૨૦ કે સાત કરોડની પ્રોપટી ગીરોની સામે રૂ.૨૫ કરોડ જેટલી જંગી લોન આપવામાં આવી હતી, તો શું કાલુપુર બેંક દ્વારા સાત કરોડની પ્રોપર્ટીની સામે ગુજરાતના કોઈ ખેડૂત કે નાગરિકને રૂ.૨૫ કરોડની લોન ધિરાણ કરાઈ છે ખરી? આરબીઆઈના નિયમો અને કાયદા અંતર્ગત શું આ પ્રકારે આટલી મોટી લોન ધિરાણ કરી શકાય ખરી?

### જય પર ભ્રષ્ટાચારના કોઇ આરોપ નથી : અમિત શાહ

ભાજપના પ્રમુખ અમિત શાહે પ્રથમ વખત પોતાના પુત્ર જય શાહની કંપની ઉપર આર્થિક અનિયમિતતાના આક્ષેપોનો આજે જવાબ આપ્યો હતો. એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં અમિત શાહે કહ્યું હતું કે, જયની કંપનીએ સરકાર સાથે કોઈ કારોબાર કર્યો નથી. કોઈ સરકારી જમીન લીધી નથી. કોઈ કોન્ટ્રાક્ટ પણ લીધો નથી. આ કોઈપણ પ્રકારનો ભ્રષ્ટાચારનો મામલો નથી. જો કોંગ્રેસની પાસે આ મામલામાં કોઈ પુરાવા છે તો કોર્ટમાં રજૂ કરી શકે છે. અમિત શાહે વળતા પ્રહારમાં કહ્યું હતું કે, સ્વતંત્રતાના ૭૦ વર્ષમાં કોંગ્રેસ ઉપર ભ્રષ્ટાચારના તમામ આક્ષેપો થયા છે. આજ સુધી કોંગ્રેસે ક્યારે કોઈ માનહાનિ કેસ કર્યો નથી. શાહે કહ્યું હતું કે, તેમના પુત્રએ કોર્ટમાં જઈને ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કરી દીધો છે. આ મામલામાં પોતે જ તપાસની માંગણી કરી છે. અમારા પર આક્ષેપ મુકવામાં આવ્યા છે. અમે ૧૦૦ કરોડ રૂપિયાનો કેસ કરી ચુક્યા છે. કોંગ્રેસ પર આટલા આક્ષેપો થયા છતાં તે લોકોએ આક્ષેપો કરનાર ઉપર કોઈ કેસ કર્યા ન હતા. અમિત શાહે સમગ્ર મામલામાં વિસ્તારથી જવાબ આપતા કહ્યું હતું કે જયની કંપની કોમોડિટિઝ એક્સપોર્ટનો કારોબાર કરે છે.

આ કંપનીનું ટર્નઓવર ૫૦૦૦ રૂપિયાથી વધીને ૮૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. પરંતુ ધ્યાન આપવાની બાબત એ છે કે, ટર્નઓવર અને નફામાં અંતર હોય છે. કંપની કોમોડિટીના એક્સપોર્ટ અને ઈમ્પોર્ટનો કારોબાર કરે છે જેથી ટર્નઓવર મોટુ છે. ભ્રષ્ટાચારના મામલામાં કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યુંહતું કે, કોંગ્રેસના અનેક નેતાઓ ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપો છે પરંતુ માનહાનિના કેસ કરવાની સ્થિતિમાં નથી. રોહિગ્યા મામલે તેમણે કહ્યુંહતું કે, આ માનવ અધિકારનો મામલો નથી. રોહિગ્યાને લઈને સુરક્ષા સાથે બાંધછોડ કરી શકાય નહીં.

# ગુજરાતના વિકાસ મૉડલને દેશ અનુસરે છે : યોગી

## ગુજરાત સૌથી વધુ રોજગાર આપનાર રાજ્ય, કોંગ્રેસની હાર યાદગાર રહે તેવી કરજો, ડોનાલ્ડ ટ્રમ્પ નરેન્દ્ર મોદીને અનુસરવા માગે છે, જ્યાં જ્યાં રાહુલ ગાંધીએ કરી યાત્રા ત્યાં થશે કોંગ્રેસની હાર

ગાંધીનગર,તા.૧૩ ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ બે દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છે. તેઓ ભાજપની ગૌરવ યાત્રામાં સામેલ થયા છે. યોગીએ પારડીમાં સભાને સંબોધતા ગુજરાત મોડેલના વખાણ કર્યા. સાથે જ ગુજરાત મોડેલને આધારે યુપીનો વિકાસ કરવાની વાત કરી.

તેમણે હિન્દુત્વનો મુદ્દો ઉછાળતા કહ્યું કે ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન સ્વામિનારાયણ યુપીની ધરતીથી ગુજરાત આવ્યા હતા. યોગીએ સરદાર પટેલના વખાણ કર્યા હતા. સાથે જ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ટીકા કરી હતી. યુપીના મુખ્યપ્રધાન યોગીએ જય શ્રીકૃષ્ણ કહી સંબોધન કર્યું, યોગી જીએ ગુજરાતીમાં સંબોધન કર્યું કહ્યું આ પુણ્ય ભૂમિને મારા



નમન છે. આ સરદાર પટેલની ધરતી છે અને આખી દુનિયામાં ભારતનું ગૌરવ છે. આજે વિકાસની વાત કરવામાં આવે છે ત્યારે ગુજરાતને જોવામાં આવે છે અને આ વિકાસની ગાથાને આખો દેશ અનુસરી રહ્યો છે.

યોગીએ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, પોતાના મતક્ષેત્ર અમેઠીમાં વિકાસના કોઈ કાર્યો થયા નથી. ત્યારે અમે ત્યાં વિકાસના કાર્યો શરૂ કરતાં કોંગ્રેસ બોખલાઈ ગઈ છે.

ભાજપની ગૌરવયાત્રામાં હાજરી આપવાની સાથે યાત્રામાં જોડાવવા માટે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વલસાડ ખાતે આવ્યાં હતાં. જ્યાં તેમણે કોંગ્રેસ અને ખાસ રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં જણાવ્યું કે, ભાજપની સરકાર બની તે વાત કોંગ્રેસ અને રાહુલને પચતી નથી. મોદી સરકારમાં કરપ્શન, કાળા બજાર, બ્લેક મની વિરુધ્ધ આકરા પગલાં લેવાઈ રહ્યાં છે. આ વાતથી કોંગ્રેસના પેટમાં ચૂંક ઉપડી છે. સાથે જ યોગીએ સવાલ કરતાં કહ્યું કે, એક પણ યોગ્ય કારણ ન હોવા છતાં રાહુલ ગાંધી શા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આક્ષેપો કરી રહ્યાં છે ? બસ એટલે જ કે વડાપ્રધાન એકદમ સ્વચ્છ છબી ધરાવે છે.

યોગીએ જણાવ્યું કે રાહુલ ગાંધી કેટલાય વર્ષોથી અમેઠીમાં સાંસદ રહ્યા છે તો પછી હજી સુધી અમેઠીનો વિકાસ શાં માટે નથી થયો? શાં માટે કોંગ્રેસને ચૂંટણી સમયે જ અમેઠી યાદ આવે છે? આ વર્ષે અમારી તે પ્રદેશમાં સરકાર બની તો અમે અમેઠી જિલ્લા મુખ્યાલય માટે ૨૧ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. અમે લોકોએ અમેઠીના વિકાસ માટે ઉઠાવેલું આ પગલું એ વાત સ્પષ્ટ કરે છે કે અમે લોકો વિકાસને લઈને કોઈપણ પ્રકારનો ભેદભાવ ક્યારેય નથી રાખતા.



જર જમીન જોરૂ ત્રણે કજીયા ના છોરું.. આ ઉક્તિ ને લઈ યાત્રધામ અંબાજી ખાતે એક બનાવ અંબાજી પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. અંબાજી શહેર ભાજપાના ઉપપ્રમુખ લલિત લોહાર જે પોતે અંબાજીમાં લોખંડનું કારખાનું ચલાવે છે જે બપોરના સુમારે કારખાના આગળ બેઠેલો હતો ત્યારે બહારથી ઘોંઘાંટનો અવાજ આવતા લલિત લોહાર ઉભો થયી બહાર નીકળી જોતા જાણે મોત સામે આવી રહી હોય તેવા દ્રસ્યો સર્જાયા હતા. અંબાજીમાં જ રહેતા પોપટ ભારથી ગૌસ્વામી આ લલિત લુહાર ઉપર ખૂની હુમલો કરવા ખુલી તલવાર લઈ તેની સામે જ ધસી આવતા લલિત લોહાર પોતાનો જીવ બચાવી પોતાના કારખાના અંદર ઘૂસી ગયો હતો. જ્યાં પોપટ ભારથીએ ભારે આક્રોશમાં ખુલી તલવારના ઘા તો કર્યા પણ લલિતે જાળી બંધ કરી દેતા તલવારના ઘા સળિયા ઉપર લાગતા લલિત લોહારનો જીવ બચ્યો હતો. તેમ છતાં પોપટ ભરતી લલિત લોહારનો પીછો પણ કર્યો હતો ને આ સમગ્ર ઘટના જોઈ રહેલા લોકોમાં પોલીસે પણ સ્થળે હોય રહ્યું છે. બેખૌફ બનેલા અસામાજિક તત્વો હવે અંબાજીમાં પણ માથું ઉંચકતા હોય તેવા કિસ્સાઓ બની રહ્યા છે. ખુલી તલવાર લઈને કરેલા ખૂની હુમલાની સમગ્ર ઘટના સી.સી. ટીવી કેમેરામાં કેદ થવા પામી છે.

### મનાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીફ જસ્ટિસ દિપક મિશ્રા સહિત ત્રણ જજની બેંચે રોહિગ્યા શરણાર્થીઓની અરજી ઉપર સુનાવણી હાથ ધરી હતી. ચીફ જસ્ટિસ દિપક મિશ્રા ઉપરાંત આ બેચમાં જસ્ટિસ એએમ ખાનવિલકર અને જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ સામેલ થયા હતા. બેંચે કહ્યું હતું કે, તે આ મામલામાં જુદા જુદા પાસાઓ ઉપર સુનાવણી હાથ ધરશે.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિડ દાખલ કરી હતી અને કહ્યું હતું કે, આ મામલો કાર્યપાલિકાનો છે. સુપ્રીમ કોર્ટે આમા કોઈ દરમિયાનગીરી કરવી જોઈએ નહીં. સરકારે પોતાની એફિડેવિટમાં રોહિગ્યા શરણાર્થીઓને દેશની સુરક્ષા માટે ખતરા તરીકે ગણાવીને કહ્યું હતું કે, આ લોકો ભારતમાં રહી શકે નહીં. સરકારે કહ્યું છે કે, તેમને ગુપ્ત માહિતી મળી છે કે, કેટલાક રોહિગ્યા શરણાર્થીઓના ત્રાસવાદી સંગઠનો સાથે સંપર્ક છે. સુપ્રીમનું કહેવું છે કે, આ મામલામાં દલીલો ભાવનાત્મકરીતે નહીં બલ્કે કાયદાકીય મુદ્દા ઉપર આધારિત રહે તે ખુબ જરૂરી છે. રોહિગ્યાનો મામલો દિનપ્રતિદિન વધુ ગરમ બની રહ્યો છે.

રોહિગ્યા શરણાર્થીઓને લઈને મોદી સરકાર એકબાજુ આક્રમક મૂડમાં છે જ્યારે બીજી બાજુ સુપ્રીમ કોર્ટ દ્વારા હાલમાં જુદુ વલણ અપનાવવામાં આવી રહ્યું છે. સુપ્રીમ કોર્ટે કેટલીક ભાવનાત્મક બાબતોને પણ ધ્યાનમાં લીધી હોવાના દાવા કાયદાકીય નિષ્ણાતો કરી રહ્યા છે.

### રાજધાની

● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૦થી વધુ મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનો પઝ દોડવાવવામાં આવી રહી છે. નવી રાજધાની એક્સપ્રેસ શરૂ કરવામાં આવ્યા બાદ પ્રવાસ સમય પ્રવર્તમાન ૧૫ કલાક ૫૦ મિનિટથી ઘટીને હવે ૧૩ કલાક ૫૫ મિનિટ થઈ જશે. આનો મતલબ એ થયો કે બે કલાકનો સમય બચી જસે. આ ટ્રેનમાં વધુ સારી સુવિધા રાખવામાં આવી છે. સ્પીડ પણ વધારે રાખવામાં આવી છે. નવી સર્વિસ શરૂ કરવામનાં આવ્યા બાદ તેની ચર્ચા યાત્રીઓમાં પણ છે. સપ્તાહમાં ત્રણ વખત આ સ્પેશિયલ સર્વિસ હાથ ધરવામાં આવનાર છે. દિલ્હી અને મુંબઈ વચ્ચે વધુ ઝડપી રેલ કનેક્ટીવીટી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આનાથી યાત્રીઓનો કિંમતી સમય બીચ જશે. યાત્રીઓને મોટી રાહત મળે તે માટે ટ્રાફિકના પીક કલાકોને ટાળવાના પ્રયાસ થઈ રહ્યા છે. નોકરી કરતા પ્રવાસીઓ પણ સમયસર ઓફિસ પહોંચી શકે તે માટે પણ કેટલીક બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે. આ ટ્રેન કોટા, વડોદરા અને સુરત સ્ટેશનો ઉપર જ રોકાશે. આનાથી લાભ વડોદરા અને સુરતના યાત્રીઓને પણ મળી શકશે જે વારંવાર મુંબઈ અને સુરત વડોદરા વચ્ચે તથા કોટા વચ્ચે યાત્રા કરતા રહે છે.

### કડક સૂચનો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રસ્ટ, એસોસિએશન પર લાગૂ થાય છે. જેમના બેંક એકાઉન્ટ રહેલા છે પોતાના બેંક ખાતાઓમાં લેવડદેવડને જારી રાખવા માટે તેમને આધાર સાથે લિંક કરવાની જરૂર રહેશે. આનાથી મુક્તિ ત્યાર જ મળી શકશે. આધારના નિયમ મુજબ જે અપ્રવાસી છે તેમને રાહત રહેશે. નાણામંત્રાલયના નિર્દેશ મુજબ બેંકો હવે આધાર વગર ખાતા પણ ખોલી રહ્યા નથી. તમામ બેંક પોતાના ગ્રાહકોને આધાર નંબર ઉપલબ્ધ કરાવવા માટે સૂચના આપી રહ્યા છે. એચડીએફસી બેંક પોતાના ગ્રાહકોને આધાર લિંક કરવા માટે મેસેજો પણ મોકલી ચુકી છે. આધારને જુદી જુદી સુવિધાઓ માટે લિંક કરવા માટેની સૂચના વારંવાર જારી કરવામાં આવી રહી છે. જનકલ્યાણની યોજનાઓના લાભ પણ આધારની સાથે જ આપવામાં આવી રહ્યા છે. આધારને લઈને કેટલાક લોકો વિરોધ કરી ચુક્યા છે.

### કાર્યકરો જોડાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંતિમ દિવસે ગાંધીનગરમાં ભાટ નજીક ભાજપ દ્વારા પેઈજ પ્રમુખોના સંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ તબક્કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહેશે. પી એમ દિવાળીના તહેવારના દિવસોમાં વાઘ બારસ તેમજ ધનતેરસના દિવસે ગુજરાતમાં હશે. ગુજરાતમાં ચુંટણીની જાહેરાત થાય તે પુર્વે પી એમ ભાજપના પેઈજ પ્રમુખ સંમેલનમાં હાજરી આપશે. વડાપ્રધાન જાહેરસભાને સંબોધન કરશે. મતદાર યાદી દિઠ નિમાયેલા પેઈજ પ્રમુખના વિશાળ સંમેલનમાં ગાંધીનગર મહાનગર ભાજપના પણ ૪ હજાર જેટલા કાર્યકર્તાઓ જોડાશે. ગાંધીનગર મહાનગરના ૧૫૨ બુથ છે. જયારે પેઈજ પ્રમુખ સંમેલનને અનુલક્ષી બુથ વાઈઝ બેઠકોનો દૌર પણ શરૂ થઈ ગયો છે. શહેર ભાજપના મહેન્દ્ર દાસ , પક્ષના સ્થાનિક નગરસેવકો ધારાસભ્ય વોર્ડ પ્રમુખ સહીતના હોદેદારો પણ પેઈજ પ્રમુખ સંમેલનની તૈયારીમાં લાગી ગયા છે.

### મીટરો તૂટ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના લીધે લાઈટો ડુલ થઈ જાય છે. શહેરના સે-૪ બી તેમજ જ-૨ સર્કલ સહીત ત્રણ ઠેકાણે મીટરો તોડવામાં આવ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ બનાવોને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ સ્થળના સી સી ટી વી ફુટેજ ચકાસવા માટે પોલીસ તંત્રની મદદ લેશે. કોપર વાયરની ઉઠાંતરી કરતા તત્વોને ડામવા માટે સી સી ટી વી કેમેરાના ફુટેજનુ નિરિક્ષણ કરવામાં આવશે. જયારે આ મામલે પોલીસ તંત્રને રજુઆત કરી તસ્કરી વૃતિને ડામવા માટે પણ પગલા લેવામાં આવશે.

### મુલાકાતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ગાંધીઆશ્રમ, કાંકરીયા ,મધરડેરી મહાત્મા મંદિર સહીતના સ્થળોની મુલાકાત લીધી હતી. જયારે આજે પણ અમદાવાદ ગાંધીનગરના જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી હતી. તા ૧૪ ઓકટોબરના રોજ આ સભ્યોની ટીમ અમદાવાદના અન્ય જોવાલાયક સ્થળોની મુલાકાત લેશે. અભ્યાસુ પ્રવાસ અર્થે ગુજરાત આવેલા ઝારખંડ વિધાનસભાની સમિતિના સભ્યો ત્રણ દિવસ દરમિયાન ગાંધીનગર અમદાવાદના મુખ્ય સ્થળોની મુલાકાત લેશે.

### હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"સાવ સાચી વાત છે..! પરિવર્તનનો સ્વીકાર એ જ ગતિ-પ્રગતિની કેડી છે..! બદલાતા સમય-સંજોગો-સ્થિતિનો સકારાત્મક સ્વિકાર ઉમળકો જન્માવશે... અને એ જ ઉમળકો પુનઃ ઉત્સાહ અને ઉલ્લાસમાં પરિવર્તન થશે... એ જ ઉમળકો દિપોત્સવના અજવાસનો જીવન પ્રકાશ બનશે."

- નિમિત્ત માત્ર

### મહિન્દ્રા દ્વારા કેયુવી૧૦૦ નેક્સ્ટની રજુઆત

ભારતની અગ્રણી એસયુવી ઉત્પાદક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ (એમએન્ડએમ) લિમિટેડે આજે નવી કેયુવી૧૦૦ નેક્ષ્ટ લોંચ કરી હતી. આ નવા ફીચર્સ અને સંવર્ધિક અભિયાનો સાથે કેયુવી૧૦૦ નેક્ષ્ટ હવે નવી અને વધુ આધુનિક એક્સયુવી ડિઝાઈન વધુ હાઈ ટેક ફીચર્સ વધારે પ્રીમિયમ ઈન્ટેરિઅર્સ ધરાવે છે. તથા વધારે ડીઝાઈન અને આનંદદાયક ટ્રાવલિંગ અનુભવ પ્રદાન કરશે. હવે કેયુવી૧૦૦ નેક્ષ્ટ ૫ અને ૬ સીટર વિકલ્પો સાથે પેટ્રોલ અને ડીઝલ એમ બંનેમાં પાંચ વેરિઅન્ટ ઉપલબ્ધ છે.

નેક્સ્ટ જનરેશન કેયુવી૧૦૦ નેક્ષ્ટ લોંચના પ્રસંગે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટરે ડૉ. પાવન ગોએન્કાએ જણાવ્યું હતું કે રૂ. ૪.૫ લાખથી રૂ. ૭.૫ લાખના પ્રાઈઝ સેંગમેન્ટમાં એક્સયુવીમાં નવી કેટેગરી ઉભી કરી છે.

# કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી દિવાળી બાદ કરવા સ્ક્રીનિંગમાં નિર્ણય

અમદાવાદ,તા.૧૩ ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ગુજરાત કોંગ્રેસના નેતાઓ પક્ષની સ્ક્રીનીંગ કમીટીની બેઠકમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે દિલ્હી પહોંચ્યા હતા પરંતુ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાના મામલે કોઈ નક્કર ગતિવિધિ થઈ શકી નથી અને તેથી હવે ઉમેદવારોની પસંદગીનો મામલો દિવાળી પછી ઠેલાયો છે. દિવાળી બાદ હવે કોંગ્રેસના ઉમેદવારોની પસંદગીની કવાયત હાથ ધરાશે. બીજીબાજુ, કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોતે મહત્વપૂર્ણ નિવેદન કરતાં જણાવ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીઓ નજીક છે પરંતુ કોંગ્રસ આર્થિક ફંડના સંકટ સામે ઝઝુમી રહી છે. કોંગ્રેસમાં આર્થિક ફંડનો અભાવ છે તેમાં કોઈ શંકા નથી પરંતુ તેમછતાં પક્ષ મક્કમતા સાથે આગળ વધવા કટિબધ્ધ છે. જયારે ભાજપ પૈસા અને સત્તાના જોરે ચૂંટણી જીતવા માંગે છે પરંતુ ગુજરાતની જનતામાં તેનો ચહેરો ખુલ્લો પડી ગયો છે અને તેથી ભાજપ આ વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં સફળ નહી થાય. કોંગ્રેસની સરકાર જ આવશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસમાં બેઠકોનો ધમધમાટ ચાલુ રહ્યો છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ ભરતસિંહ સોલંકી, મોહનસિંહ રાઠવા સહિતના નેતાઓ સ્ક્રીનીંગ કમીટીની મહત્વની બેઠકને લઈ બે દિવસ પહેલાં દિલ્હી પહોંચ્યા હતા. સ્ક્રીનીંગ કમીટીના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટના વડપણ હેઠળ મળેલી બેઠકમાં ઉમેદવારોના નામોને લઈ મહત્વની ચર્ચા થવાની હતી પરંતુ પક્ષના સંગઠન અને આગામી ચૂંટણીને લઈ કેટલાક મહત્વના મુદ્દા ચર્ચામાં કેન્દ્રસ્થાને આવતાં તે અંગેના નિર્ણયો લેવાયા હતા. જેમાં કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ૨૧૨ જેટલા નીરીક્ષકોની નિમણૂંક કરવામાં આવી હતી. આ નીરીક્ષકોમાં ગુજરાતના એક પણ નીરીક્ષકને રખાયા નથી પરંતુ રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા રાજયોના પૂર્વ ધારાસભ્યો-સસંદસભ્યોને સમાવાયા હતા. બીજીબાજુ, ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાને મામલે સ્કીનીંગ કમીટીની બેઠકમાં કોઈ નક્કર ગતિવિધિ હાથ ધરી શકાઈ ન હતી. જેથી હવે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પર કોંગ્રેસના કયા ઉમેદવારોને ઉભા રાખવા અને કોને ટિકિટ આપવી તે બાબતની સમગ્ર કવાયત દિવાળી સુધી મોકૂફ રખાઈ છે. દિવાળી બાદ તરત જ કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે.

# કોંગ્રેસ પેટ્રોલ-ડીઝલ પરનો વેટ નાબુદ કરીને સુપેરે શાસન ચલાવશે : ડૉ. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૧૩ પેટ્રોલ-ડિઝલ ઉપર કોંગ્રેસે વેટ નાબુદીની કરેલી જાહેરાતથી રાજ્ય સરકારને ઘણી મોટી આવક ગુમાવવી પડેનું ગાણું ગાનાર નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પ્રજાને લૂંટી લઈ પ્રજાના પૈસે રાજકીય ઉજાણી કરવાનાં બદલે પ્રજાલક્ષી વિકાસની ચિંતા કરી હોત તો ચૂંટણીની પૂર્વ સંધ્યાએ રાજકીય લ્હાણી કરવાનાં દિવસો આવ્યા ના હોત એમ જણાવતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે પેટ્રોલિયમ પેદાશો અને ઈંધણ ઉપર વેટ તેમજ અન્ય સરકારી ટેક્સ સંપૂર્ણ નાબુદ કરી માત્ર જીએસટી લગાવીને સુપેરે વહીવટ ચલાવવા બાબતે જાહેર ચર્ચા કરવા ખુલ્લો પડકાર ફેંક્યો છે.

કોંગ્રેસ સત્તા ઉપર આવશે તો પેટ્રોલ-ડિઝલ ઉપરથી વેટ સંપૂર્ણ નાબુદ કરશે તેવી જાહેરાત સામે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કોંગ્રેસના પ્રવક્તાને ખબર નથી કે, વેટ રદ કરવાથી સરકારે મોટી આવક ગુમાવવી પડે એમ જણાવી નાણાં મંત્રી તરીકેની નિષ્ફળતા સાથે તેમનાં અજ્ઞાન અને બુદ્ધિનું પ્રદર્શન કર્યું છે. કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકારે પેટ્રોલ-ડિઝલ અને અન્ય ઈંધણ ઉપર વેટ સહિત અન્ય સરકારી ટેક્સ સાથે પ્રજા જોડેથી બે ગણા રૂપિયા ખંખેરી વિકાસના નામે લૂંટવાનું જ કામ કર્યું છે. આ અસહ્ય ટેક્સનાં કારણે ટ્રાન્સપોર્ટ સહિત ભાવ વધારાનાં કારણે પ્રજા મોંઘવારીમાં ભીંસાઈ ગઈ છે. જ્યારે નાયબ મુખ્યમંત્રીએ સ્વીકાર્યું તેમ આ ટેક્સથી અધધધ આવક મેળવી ભાજપ સરકારે મેળાઓ-ઉત્સવોથી લઈ રાજકીય કાર્યક્રમોમાં આડેધડ રૂપિયા ઉડાવી મંત્રીઓ અને તેમનાં મળતીયાઓને જલસા કરાવ્યા છે.

વેટની સંપૂર્ણ નાબુદી સામે જીએસટી લગાવીને જ સરકારનો વહીવટ સુપેરે ચાલે તેનું પોતે પીએચડી અને એડવોકેટ હોવાથી સંપૂર્ણ જ્ઞાન હોવાનું જણાવતાં ડૉ. હિમાંશુ પટેલે સીધો આરોપ મુક્યો છે કે, ૨૦ વર્ષ સુધી પ્રજાલક્ષી કામો નહીં કરનાર રબર સ્ટેમ્પ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા મુખ્યમંત્રી સાથે મનમેળ નહીં ધરાવતાં નાયબ મુખ્યમંત્રીએ ૧૫ દિવસથી રાજકીય લ્હાણીઓ કરી તેમની નિષ્ફળતાનો જાહેર એકરાર કર્યો છે.